**C.C.NO. 511/2021**

सत्यमेव जयते

દાખલ તારીખ :– ૦૮/૧૨/૨૦૨૧
નોંધ્યા તારીખ :– ૦૮/૧૨/૨૦૨૧
**ફેંસલ તારીખ :– ૧૯/૦૫/૨૦૨૬**
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૪ – ૦૫ – ૧૧

---

**મહેરબાન વિસાવદરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(બી.એચ.ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિસાવદર, જી.જુનાગઢ.**

---

**<u>આંક :–૩૯</u>**

**<u>ફોર્મ–'એ'</u>**

(ચુકાદાની તારીખ :–૧૯/૦૫/૨૦૨૬)

**ફોજદારી કેસ નંબર :–૫૧૧/૨૦૨૧**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એચ.પરમાર**

**–:: <u>વિરૂધ્ધ</u> ::–**

**<u>આરોપી</u> :–** વિરાભાઈ ગઢવી,
તત્કાલીન પોલીસ કોન્સ્ટેબલ,
વિસાવદર પોલીસ સ્ટેશન,
રહે.વિસાવદર,જી.જુનાગઢ.

**આરોપી તરફે વિ.વ.શ્રી કે.બી.જોષી.**

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

## **ફોર્મ–'બી'**

| | |
|---|---|
| ગુનાની તારીખ | **૨૨/૦૭/૨૦૨૧** |
| એફ.આઈ.આર.ની તારીખ | -- |
| તહોમતનામુ ઘડયા તારીખ | ૨૬/૦૬/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૮/૦૮/૨૦૨૫ |
| ચૂકાદા પર રાખ્યા તારીખ | ૧૯/૦૫/૨૦૨૬ |
| ચૂકાદા તારીખ | ૧૯/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૧૯/૦૫/૨૦૨૬ |

## **આરોપીઓની વિગતો**

| **આરોપી ક્રમાંક** | **આરોપીનું નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર મુકત કર્યા તારીખ** |
|---|---|---|---|
| ૧. | પો.કો.વિરાભાઈ ગઢવી | -- | -- |
| **આક્ષેપિત ગુના** | **છોડી મૂકેલ છે કે સજા કરેલ છે.** | **કરવામાં આવેલ સજા** | **ફો.કા.સં.ની કલમ -૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો** |
| આઈ.પી.સી. એકટ ની કલમ ૩૨૩ મુજબ. | સજા કરેલ છે. | આખરી હુકમ મુજબ. | - |

## **ફોર્મ–'સી'**

**એ.** **ફરીયાદ પક્ષ તરફે સાહેદોનું તથા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :-**

| **અનું.નં.** | **આંક** | **પ્રકાર** | **સાહેદ તથા દસ્તાવેજનુ નામ** |
|---|---|---|---|
| ૧. | ૧૦ | દસ્તાવેજી | અસલ ફરીયાદ |
| ૨. | ૧૬ | દસ્તાવેજી | દર્દી નજુભાઈ દાનભાઈ લાલુ ની ઈજા અંગેનુ મેડીકલ સર્ટીફીકેટ |

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

| | | | |
|---|---|---|---|
| ૩. | ૨૬ | મૌખિક | ફરીયાદી નજુભાઈ દાનાભાઈ લાલુની જુબાની |
| ૪. | ૩૧ | મૌખિક | સાહેદ દિલીપભાઈ રાવતભાઈ માંજરીયા ની જુબાની |
| ૫. | ૩૪ | મૌખિક | ડોકટર સાહેદ વિજયભાઈ બાવનભાઈ ગરચરની જુબાની |

-----------------------------------

**ગુનો :-ઈ.પી.કો.કલમ-૩૨૩ મુજબ**

-----------------------------------

## ***J U D G E M E N T***

- **ફોજદારી કેસ રજીસ્ટ્રર થયા તેમજ સંજ્ઞાન લીધા અંગેની વિગત :-**

(૧) આ કામના ફરીયાદી નજુભાઈ દાનભાઈ લાલુએ તા. ૨૨/૦૭/૨૦૨૧ ના રોજ વિસાવદર પો.સ્ટે.ના ગુના રજી.નં.૧૧૨૦૩૦૭૦૨૧૦૨૬૨/૨૦૨૧ ના ગુનામાં તેઓને અત્રેની અદાલતમાં રજુ કરતા તેમણે પોલીસ વિરુધ્ધ ઈલટ્રીટમેન્ટની/પોલીસ કસ્ટડીમાં માર મારવા અંગેની ફરીયાદ અત્રેની અદાલતમાં કરેલ.જે ફરીયાદને નોંધી લઈ આરોપીને મેડીકલ તપાસણી માટે સરકારી હોસ્પીટલ, વિસાવદરમાં યાદી સાથે મોકલવામાં આવેલ અને ક્રિમીનલ મેન્યુઅલના પેરા-૧૪ મુજબનો રીપોર્ટ સિવિલ કોર્ટ વિસાવદરના જાવક નં.૪૪/૨૦૨૧,તા.૨૯/૧૧/૨૦૨૧ થી નામદાર સેશન્સ જજશ્રી,જુનાગઢનાઓને કરવામાં આવેલ અને તે રીપોર્ટ અન્વયે નામદાર સેશન્સ કોર્ટ દવારા અત્રેની કોર્ટને ઈન્કવાયરી કરી, તેનો રીપોર્ટ કરવાનો હુકમ થતાં, અત્રેની કોર્ટે તે બાબતે ઈન્કવાયરી કરી તેનો

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

કોન્ફીડેન્શીયલ રીપોર્ટ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટને તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ.નામદાર જીલ્લા ન્યાયાલ, જુનાગઢ જયુડી. બ્રાન્ચના જા.નં. એ/ક્રિમી/૭૭૮/૨૦૨૧,તા.૦૪/૧૨/૨૦૨૧ અન્વયે અત્રેની કોર્ટે ઈલટ્રીટમેન્ટની ઈન્કવાયરી સંદર્ભે કરેલ રીપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવા હુકમ થયેલ.જે અન્વયે ફરીયાદીની ફરીયાદને ફોજદારી કેસ રજીસ્ટ્રરે નોંધવાનો અને આરોપી વિરાભાઈ ગઢવી સામે ઈ.પી.કો.કલમ – ૩૨૩ મુજબના ગુના સબબ મુદત તા.૧૫/૦૧/૨૦૨૨ ના રોજની સમન્સ કાઢવાનો હુકમ અત્રેની અદાલતના પુરોગામી ન્યાયધિશ સાહેબશ્રી દવારા આંક–૧ હેઠળ કરવામાં આવેલ.

- **<u>બનાવની ટૂંકી વિગત :–</u>**

**(૨)** સદર કેસની ટૂંકી વિગત એ મુજબ છે કે,વિસાવદર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૨૦૩૦૭૦૨૧૦૨૬૨/૨૦૨૧,પ્રોહિ.એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ ના ગુનાના કામના આરોપી (ફો.કે. નં. ૫૧૧/૨૦૨૧ ના કામના ફરીયાદી) નજુભાઈ દાનભાઈ લાલુ, ઉ.વ.૨૭, રહે.જેતપુર ગોંદરામાં ખોડિયાર માતા મંદિર પાસે,જેતપુરનાઓએ અત્રેની અદાલતમાં તા.૨૨/૦૭/૨૦૨૧ નારોજ અત્રેની અદાલતના પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ.આ કામના ફરીયાદીએ પોલીસ વિરુધ્ધ ઈલટ્રીટમેન્ટની ફરીયાદ અત્રેની કોર્ટમાં કરેલ અને જયુડિશીયલ ઈન્કવાયરીના અંતે હાલના આરોપી સામે ઈ.પી.કો.કલમ–૩૨૩ મુજબની ફોજદારી ફરીયાદ નોંધાયેલ છે.

સદર કામના ફરીયાદી નજુભાઈ દાનભાઈ લાલુએ અત્રેની કોર્ટમાં આરોપી વિરાભાઈ ગઢવી વિરુધ્ધ ઈલટ્રીટમેન્ટની ફરીયાદ કરી જણાવેલ છે કે,

આ કામના ફરીયાદી પોલીસ કસ્ટડી દરમિયાન લોકઅપમાંથી બહાર કાઢી ફરીયાદીને  આરોપી વિરાભાઈ ગઢવીએ પટાથી માર મારેલ અને ફરીયાદી ને પી.આઈ. સાહેબના ચેમ્બરમાં લઈ ગયેઈ અને ત્યા પી. આઈ. સાહેબે ફરીયાદી નજુભાઈને પાંચ છ જાપટ મારેલ.બાદ ફરીયાદીને આરોપી વિરાભાઈ ગઢવીએ હાથમાં અને પગના તળીયામાં પટ્ટા મારેલા. બાદ ફરીયાદીને પી. આઈ.સાહેબના ચેમ્બરમાં નીચે બેસાડેલા.બાદ ફરીયાદી નજુભાઈને પી. આઈ.સાહેબે પગમાં પટ્ટા મારેલા.બાદ આરોપી પો.કો.વિરાભાઈ ગઢવી બાજુની બીજી ઓફિસમાં ફરીયાદીને લઈ ગયેલા અને ત્યાં ફરીયાદી નજુભાઈ ને બહુ ગાળો આપેલ અને ફરીથી ફરીયાદી નજુભાઈને આખા શરીરમાં પટા મારેલા.ફરીયાદી નજુભાઈની પરવાનગીથી ફરીયાદીના શરીરની તપાસણી નામદાર અદાલત દવારા કરવામાં આવેલ.જેમાં જણાયેલ કે, ફરીયાદી નજુભાઈને બંને હાથમાં કાંડાથી ઉપરના ભાગે લાલ કલરના નિશાન  હોવાનું જણાય આવેલ.ફરીયાદીના નજુભાઈના બંને પગે તેમજ બંને પગના તળીયામાં તેમજ ગાલના બંને તરફ કોઈ બાહય ઈજાના નિશાન જોવામાં આવેલ નથી.તેમજ ફરીયાદી નજુભાઈએ વધુમાં જણાવેલ છે કે,આરોપી પો.કો. વિરાભાઈ ગઢવીનાઓએ ફરીયાદીને કહેલ કે,''તુ કોર્ટમાં મારા વિરુધ્ધ ફરીયાદ કરીશ તો તને ૧૫૧ માં ફરીથી અટક કરીશ અને પાછો માર મારીશ.'' આમ, આરોપીએ ઈ.પી.કો.ની કલમ–૩૨૩ મુજબનો ગુનો આચરેલ.

**<u>આરોપી વિરુધ્ધ તહોમતનામુ અને પ્લી :–</u>**

(૩) આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થયા બાદ **આંક–ર૪ થી** આરોપીની પ્લી નોંધવામાં આવતાં ગુનો કરેલ

હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

- **આરોપીના સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ ના વધુ નિવેદનની વિગત :–**

(૪) ફરીયાદપક્ષ તરફથી મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદ પક્ષનાં રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૧૩ વિશેષ નિવેદન નોંધેલ.જેમાં આરોપીને તેમની વિરુધ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપી મુખ્યત્વે ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ હોવાનું, ખોટો પુરાવો હોવાનું જણાવે છે. જેમાં તેઓએ તેઓના વિરુધ્ધના તમામ પુરાવાઓ નકારેલ. તેમજ આરોપીને બચાવના સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોંગદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતા આરોપીએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઈ કહેવા માંગો છો તે અંગે આરોપીને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે. ત્યાર બાદ આ કામે પક્ષકારોનાં વિધ્વાન વકીલશ્રીઓની ભારપુર્વકની મૌખીક દલીલો સાંભળી તથા રેકોર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લીધા.

- **કેસ નકિક કરવા માટેના મુદાઓ :–**

(૫) ઉપરોકત તમામ હકીકતને ધ્યાનમાં લેતા કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપર્ણે પુરવાર કરે છે કે,ફરીયાદી ને પોલીસ કસ્ટડી દરમિયાન લોકઅપની બહાર કાઢી પી. આઈ.સાહેબની ચેમ્બર પાસે ટેબલ પર બેસાડી,ગાળો આપી થપ્પડો મારી તથા હાથ પગમાં ચામડાના પટ્ટા વડે માર મારી આરોપીએ ઈ.પી.કો.કલમ–૩૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) આખરી શું હુકમ ?

- **<u>નિર્ણય :–</u>**

(૬) ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

- **<u>દલીલો વિશે ચર્ચા :–</u>**

(૭) સરકારશ્રીના વિધ્વાન એ.પી.પી.શ્રીએ પોતાની મૌખિક દલીલ દલીલમાં ટુંકમાં જણાવેલ કે, ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ નિવડેલ છે અને આ કામના ઈજાપામનાર સાહેદોની જુબાનીને મેડીકલ પુરાવાથી સમર્થન મળતુ હોય આરોપી ને કડક સજા કરવા અરજ કરેલ છે.આ કામે આરોપીઓ વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે,હાલનો ખોટો બનાવ ઉભો કરી ખોટી ફરીયાદ કરેલ છે અને ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંક:પણે પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

• **<u>આક્ષેપિત ગુનાઓની કલમોના તત્વો વિશે ચર્ચા :–</u>**

(૮) સદર કામે પુરવાની વિસ્તૃતમાં ચર્ચા કરતા અગાઉ ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૩ મુજબના ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો વિશે ચર્ચા કરવી જરૂરી બની આવે છે જે નીચે મુજબ છે.

**<u>કલમ ૩૨૩ અંગે નીચે મુજબના આક્ષેપીત તત્વો પુરવાર કરવાના રહે છે.</u>**

(૧) શું આરોપીએ ફરીયાદીને ખરેખર શારીરીક પીડા અથવા અશકયતા પહોંચાડેલ હતી.

(૨) શું આરોપીએ એવી ઈજા પહોચાડવાનું અથવા એમ જાણીને કર્યુ કે એનાથી ઈજા પહોચશે જ.

**<u>ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન :–</u>**

(૯) ફરીયાદપક્ષ દવારા આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત મુજબના તત્વો સાબીત કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલ છે.

(૯.૧) ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનુ તહોમત સાબીત કરવા માટે **આંક–૨૬** થી ફરીયાદી/ઈજાપામનાર **નજુભાઈ દાનાભાઈ લાલુ** નાઓને તપાસેલ છે.તેઓ પોતાની સરતપાસમાં બનાવ બનેલ અંગેનું વર્ણન કરતી જુબાની આપેલ છે.તેમની સરતપાસમા તેઓ ટુંકમાં જણાવે છે કે,''પહેલા તેઓને લોકઅપમાંથી **આરોપી ગઢવી ભાઈ બહાર લઈ ગયેલા અને સાહેબની ચેમ્બરમાં લઈ ગયેલા. ત્યાં સાહેબની ચેમ્બરમાં ટેબલ પાસે નીચે બેસાડેલ પછી તેઓને ગાળો કાઢેલ અને સાહેબે થપ્પડો મારેલ.પછી તેઓના**

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**પગ લાંબા કરાવ્યા અને હાથ લાંબા કરાવ્યા.પછી આરોપી ગઢવી ભાઈ પટો લઈ આવેલા અને તેઓને હાથમાં પટા મારેલા અને પગમાં પણ મારેલા.ત્યારબાદ તેઓને પગથી પણ મારેલ.ત્યારબાદ આરોપી ગઢવીભાઈએ તેઓને પાછા હાથમાં પટા મારેલા. ત્યારબાદ તેઓને બીજા રૂમમાં લઈ ગયેલા અને ત્યાં તેઓને ઉભો રાખેલ અને ત્યાં તેઓને આખા શરીરે પટા મારેલા.ત્યારબાદ તેઓ ને લોકઅપમાં મુકી દીધેલ.ફરીયાદીએ આરોપી વિરુધ્ધ આંક–૧૦ થી ફરીયાદ આપેલ.ત્યારબાદ તેઓને કોર્ટમાંથી વિસાવદરમાં આવેલ સરકારી દવાખાને લઈ ગયેલા.ત્યાંડોકટર સાહેબે ફરીયાદી ને પુછેલુ કે હાથમા શું લાગેલ છે. તેઓએ ડોકટર સાહેબને જણાવેલ કે પોલીસે તેઓને માર મારેલ છે. તેઓને કાનમાં દુખતુ હોય તેઓએ ડોકટરને તે બાબતે જણાવેલ. જેથી ડોકટરે તેઓને કાનમા કેમ દુખે છે તેવુ પુછેલ, જેથી તેઓએ ડોકટરને જણાવેલ કે તેઓને પટેલ સાહેબે ગાલ ઉપર થપ્પડ મારેલ જેથી ત્યાં દુખે છે.બાદ કોર્ટમાથી તેઓને પોલીસ સ્ટેશને લઈ ગયેલા.ત્યાં તેઓ ને આરોપી ગઢવીભાઈએ એવુ કીધેલ કે ફરીયાદ પાછી ખેચી લેજે નહી તો તેઓના વિરૂધ્ધ ખોટા દારૂના અને કોઈપણ બીજા ગુના દાખલ કરીશુ.કોઈપણ જગ્યાએ દારૂ પકડાશે તો વિસાવદરમાં તારૂ નામ ખોલાવશુ.**ત્યારબાદ તેઓને વિસાવદર પોલીસ સ્ટેશનથી જુનાગઢ જીલ્લા જેલમાં મુકી ગયેલા.તેમજ ફરીયાદીએ વધુમાં જણાવેલ છે કે,તેઓને ત્રણ થી ચાર દિવસ પહેલા ફોન આવેલો અને કહેલ કે, વિસાવદર પોલીસ સ્ટેશનથી દીનેશભાઈ જમાદાર બોલે છે,

એક દિવસનો ટાઈમ લઈને વિસાવદર પોલીસ સ્ટેશને આવજે, ખોટુ નામ આપેલુ હતુ જેથી તારા વિરૂધ્ધ એન.સી. દાખલ કરવાની છે.''આ સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ફરીયાદીની કરવામાં આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ એવુ જણાવેલ છે કે,''મને પોલીસે જે તે સમયે દારૂ પીવાના ગુનામા અટક કરેલ. એ વાત ખરી છે કે તે કેસમા મે ગુનો કબુલ કરતા કેસ પુરો થઈ ગયેલ છે. તે કેસમા મે મારૂ નામ નજુ લખાવેલ છે.મને પોલીસે જે દીવસે પકડેલ ત્યારે ત્યાં પી.સી.આર. સરકારી વાહન હાજર હતુ. મારા ઉપર કુલ બારથી પંદર ફોજદારી કેસો જેમાં દારૂ તથા મારામારીના કેસો ચાલુ છે. એ વાત ખરી છે કે ઉપરોકત ગુના સિવાય અન્ય કોઈ ગુનો મારી સામે નોંધાયેલ નથી. એ વાત ખરી છે કે વિસાવદર પો.સ્ટે.ના કોઈ કર્મચારી કે અધિકારીને આક્ષેપીત ગુના પહેલાથી હુ ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે ખાખી ડ્રેસ જી.આર.ડી. તથા અન્ય નોકરીઓમા પણ હોય છે. દીલીપભાઈ માંજરીયા મારા જ્ઞાતિબંધુ છે અને તેઓનુ મુળ ગામ વિસાવદર તાલુકાનુ હાજાણી પીપળીયા છે.એ વાત ખરી છે કે દીલીપભાઈ માંજરીયા જે તે દીવસે મારી સાથે વિસાવદર લોકઅપમા સાથે હતા.એ વાત ખરી નથી કે મને દારૂના ગુનામા અટક કરતા મને લાગી આવતા મે જે સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે ખોટી જણાવેલ છે. એ વાત ખરી નથી કે હુ આરોપીને ઓળખતો નથી. એ વાત ખરી નથી કે મારા સગા દીલીપભાઈ માંજરીયા અને વિસાવદર પોલીસને દારૂના કેસમાં વાંધો પડતા મને માર મારેલ હોવાની અને ગાળો આપેલ હોવાની હકીકત

આ દીલીપભાઈના કહેવાથ જણાવી આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ છે.''

સદર કામના ફરીયાદીની જુબાની જોતા એ હકિકત રેકર્ડ ઉપર આવે છે કે, સદર કામના ફરીયાદીને આરોપી દવારા માર મારવામાં આવેલ અને આ સાહેદ આરોપી વિરાભાઈ ગઢવીને કોર્ટમાં જોયેથી ઓળખી બતાવે છે.

(૯.૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૩૧** થી સાહેદ **દિલીપભાઈ રાવતભાઈ માંજરીયા**નાઓને તપાસવામાં આવેલ છે. તેમની સરતપાસમા તેઓ ટુંકમાં જણાવે છે કે,''સને ૨૦૨૧ ના અરસામાં તેઓ દારૂ પીધેલ હાલતમાં આઈ.ટી.આઈ વિસાવદર ખાતેથી તેઓનું વાહન લઈ નીકળેલ હતા જે બાબતે વિસાવદર પોલીસે તેઓને પકડેલ હતા અને તેઓની સામે ગુનો દાખલ કરી અને વિસાવદર પોલીસ સ્ટેશનના લોક–અપમાં રાખેલ હતો. તેઓને વિસાવદર પોલીસે પકડેલ ત્યારે તેઓની સાથે ફરીયાદી નજુભાઈ દાનભાઈ લાલુ રહે. જેતપુરવાળો હતા. ફરીયાદી નજુભાઈને પણ પોલીસે દારૂ પીધેલ ગુના બાબતે પકડેલ હતો અને તેઓની સાથે વિસાવદર પોલીસ સ્ટેશન લોકઅપમાં રાખેલ હતા.તેઓ વિસાવદર પોલીસ સ્ટેશનમાં લોકઅપમાં હતો ત્યારે તેઓની સાથેના નજુભાઈ દાનભાઈ પાસેથી વિસાવદર પોલીસ સ્ટેશનના તમો આરોપી વીરાભાઈ ગઢવીનાએ પૈસાની માં ગણી કરેલ.નજુભાઈએ પૈસા નથી તેમ કહેલ તેથી નજુભાઈ

ને લોકઅપની બહાર કાઢેલ અને આરોપી વીરાભાઈ ગઢવી એ નજુભાઈને માર મારેલ.જે તેઓએ પોતાની નજરે જોયેલ. ત્યારબાદ નજુભાઈને વિસાવદર પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી પટેલ સાહેબની ચેમ્બરમાં લઈ ગયેલા. ચેમ્બરમાંથી બુમો સંભળાતી હતી. ત્યારબાદ ફરીયાદીને નજુભાઈને પાછો લોકઅપમાં મોકલી આપેલ હતા. તેઓએ ફરીયાદી નજુભાઈને પુછેલ કે શું થયુ તુ તો નજુભાઈએ તેઓને જણાવેલ કે, ''તેઓને તમો આરોપી વીરાભાઈ ગઢવી તથા પી.આઈ.શ્રી પટેલ સાહેબે માર મારેલ છે.'' ફરીયાદી નજુભાઈને હાથમાં અને પગમાં વાગેલ હતુ.''વળી,આરોપીના વિ.વ.શ્રી ધ્વારા સદર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસ માં સાહેદે એવુ જણાવેલ છે કે, ''એ વાત ખરી નથી કે,મને બનાવ બાબતે કોઈ અંગત જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે મારી હાજરીમાં નજુભાઈ દાનભાઈ લાલુને પોલીસે લોક–અપમાંથી બહાર કાઢી વિરાભાઈ ગઢવીએ તેને માર મારેલ. મારી ઉપર દારુના માત્ર એક ગુનો છે. નજુભાઈ મારા જ્ઞાતી ભાઈ હોય તેને ઓળખુ છું. એ વાત ખરી નથી કે, નજુભાઈ મારી જ્ઞાતીના હોય તેના સર્મથનમાં ખોટી જુબાની આપુ છું.

સદર કામના સાહેદની જુબાની જોતા એ હકિકત રેકર્ડ ઉપર આવે છે કે, બનાવ સમયે આ સાહેદ અને હાલના ફરીયાદી પોલીસ કસ્ટડીમાં વિસાવદર પો.સ્ટે.ના લોકઅપમાં હતા અને હાલના આરોપી અને પોલીસ કોન્સ્ટેબલ નજુભાઈ દાનાભાઈ એ તેમની સાથે મારા મારી કરેલ.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૯.૩) ત્યારબાદ ફરીયાદપક્ષે ઈજાપારનારને સારવાર આપનાર મેડીકલ ઓફિસરશ્રી ડોકટર **વિજયભાઈ બાવનભાઈ ગરચર**નાઓને **આંક–૩૪** થી તપાસવામાં આવેલા છે. તેમની સરતપાસમા સાહેદ ટું કમાં જણાવે છે કે,''તેઓ ૨૦૨૧ ના અરસામા સરકારી હોસ્પિટલ, વિસાવદર મુકામે મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે વિસાવદર પો.સ્ટે.ના પોલીસ હેડ કોન્સ્ટે. શ્રી મેણસીભાઈ બ.નં.૧૫૦૫નાઓ એક ગુનાના કામના આરોપી નજુભાઈ લાલુ ને મેડિકલ તપાસણી અર્થે સરકારી હોસ્પિટલ ખાતે જ્યુડી.મેજ. ફ.ક. વિસાવદર ના ખાનગી જા.નં. ૨૪/૨૦૨૧ તા. ૨૨/૦૭/૨૦૨૧ વાળા પત્ર સાથે લઈ આવેલા. જે પત્ર ઈન્કવાયરીના કામે આંક–૧૫ થી રજુ થયેલ છે.તેઓએ ફરીયાદી નજુભાઈ લાલુની શારિરિક તપાસણી કરતા બંને હાથમા બળતરા તથા દુખાવો અને ખંજવાળ આવવાની ફરીયાદ કરેલ.તેઓએ ફરીયાદી નજુભાઈને ઈજા બાબતે પૂછતા તેમણે જણાવેલ કે પોલીસે તેઓને માર મારેલ છે. ફરીયાદી નજુભાઈની શારિરિક તપાસ કરતા જોવા મળેલ **કે બને હાથના કોણીથી નીચેના આગળના ભાગે લાલાશ જોવા મળેલ અને તે જગ્યાએ દબાવવાથી દુખાવો થતો હોવાનુ જણાવેલ.**'' વળી, આરોપીના વિ.વ.શ્રી દ્વારા ડોકટર સાહેદની કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એવુ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે દર્દીએ મારા રૂબરૂની હીસ્ટ્રીમા કોણે ઈજા કરેલ છે અને કેવી રીતે થયેલ છે તેવી હકીકત લખાવેલ નથી કે કોઈ આરોપીનુ નામ લખાવેલ નથી.એ વાત ખરી છે કે દર્દીને થયેલ ઈજા

સામાન્ય પ્રકારની છે. એ વાત ખરી છે કે દર્દીને થયેલ ઈજાઓ પડી જવાથી થઈ શકે તેવા પ્રકારની છે.'' તેઓએ આંક–૧૬ થી અસલ સારવાર સર્ટીફીકેટ ઈન્કવાયરીના કામમાં રજુ કરેલ છે.જેમાં તેઓ પોતાની સહિ ઓળખી બતાવેલ છે.આ સારવાર સર્ટીફીકેટ ધ્યાનમાં લેતાં, આરોપીના બંને હાથમાં લાલાશ પડતા ઘબા હતા અને આ ઈજાઓ તાજી હતી તેવું સ્પષ્ટ દર્શાવેલ છે.

• **દલીલો :–**

**(૧૦)** આમ પ્રોસીકયુશન ધ્વારા પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવા માટે આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદો તપાસવામાં આવેલા છે. રેકર્ડ પરના પુરાવા પરથી આરોપીના વિ.વકીલશ્રી એવી દલીલ કરે છે કે, ફરીયાદી તથા અન્ય સાહેદોની જુબાની જોતાં, એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે, આ કામના આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૨૩ હેઠળનો ગુન્હો કરેલ હોય.

**(૧૧)** વધુમાં આ કામે આરોપીના વિ.વકીલશ્રી એવી દલીલ કરે છે કે, આ કામે ફરીયાદપક્ષે કોઈપણ સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી.આ સંજોગોમાં જયારે ફરીયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલા હિત ધરાવતા એક બીજાના સગા સંબંધી હોઈ તેઓની જુબાની સ્વતંત્ર સાહેદોની જુબાનીના અભાવે માનવી ન જોઈએ. વધુમાં તેઓ એવી દલીલ કરે છે કે, સાહેદોની જુબાનીમાં કોન્ટ્રાડીકશન છે જેથી બનાવ સંબંધે શંકા ઉપસ્થિત થાય છે જેથી

તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. આમ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**(૧૧.૧)** આરોપીના વિ.વકીલશ્રી ઉપરોકત ચર્ચા કરેલ જે પ્રકારની દલીલો કરે છે તે બાબતે કાયદાની પરિસ્થિતિ જો જોવામાં આવે તો, ઈજા પામેલ વ્યકિતની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.વધુમાં ના.સર્વોચ્ચ અદાલતે ઈજા પામનાર સાહેદની જુબાની બાબતે ''**ભજનસીગ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ હરિયાણા**'' જે એ.આઈ.આર. ૨૦૧૧ સુ.કો. પાન નં. ૨૫૫૨ ના ચૂકાદાના પેરા–૨૧ માં એમ ઠરાવેલ છે કે, *CC The evidence of the stamped witness must be given due weightage as his presence on the place of occurrence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence. Thus, the testimony of an injured witness is accorded a special*

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

*status in law. Such a witness comes with built-in guarantee of his presence at the scene of the crime and is unlikely spare his actual assailant in order to falsely implicate someone. Convincing evidence is required to discredit an injured witness. Thus the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of* ***major*** *contradiction and discrepancies therein."*

**(૧૧.૨)** વધુમાં પ્રોસીકયુશને દરેક કેસમાં સ્વતંત્ર સાહેદો પોતાનો કેસ પુરવાર કરવા જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી અને સાહેદની જુબાનીની ગુણવત્તા સાથે અદાલતને સંબંધ હોય છે નહિ કે સાહેદોની સંખ્યા સાથે તથા સદર સિધ્ધાંત ભારતીય પુરાવાના ધારાની કલમ–૧૩૪ માં વણી લીધેલ છે. આ કામે જે સાહેદો પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલ છે તે એકબીજાના સંબંધી છે તેટલા કારણ માત્રથી પ્રોસીકયુશન કેસમાં શંકા ઉત્પન્ન કરી શકાય નહિ. વધુમાં ના.સર્વોચ્ચ અદાલતે ''સ્ટેટ ઓફ યુ.પી. વિરૂધ્ધ અનિલસિંહ ''જે એ.આઈ.આર.૧૯૮૮ એસ.સી.પેજ નં. ૧૯૯૮ માં એવું ઠરાવેલ છે કે, *"The public are generally reluctant to come forward to depose before the court. It is, therefore, not correct to*

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

*reject the prosecution version only on the ground that all witnesses to the occurrence have not been examined. Nor it is proper to reject the case for want of corroboration by independent witnesses if the case made out is otherwise true and acceptable".*

(૧૧.૩) વધુમાં આરોપીના વિ.વકીલશ્રી એવી દલીલ કરે છે તે સાહેદ દિલીપ રાવતભાઈ માંજરીયા હિત ધરાવનાર સાહેદ છે તેઓની જુબાની માનવી ન જોઈએ. જે સંબંધે જો કાયદાની પરિસ્થિતિ જોવામાં આવે તો, ના. સર્વોચ્ચ અદાલતે ''ગંગાધર બહેરા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા જે 2003 CRI. L. J. 41 ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે, *Relationship is not a factor to affect credibility of a witness. It is more often than not that a relation would not conceal actual culprit and make allegations against an innocent person. Foundation has to be laid if plea of false implication is made. In such cases, the Court has to adopt a careful approach and analyse evidence to find out whether it is cogent and credible. Thus ground that the witness being a close relative and consequently being a*

*partisan witness, should not be relied upon, has no substance. AIR 1953 SC 364, Foll. (Paras 10, 13)*

- **<u>પુરાવાઓનું મુલ્યાંકન :–</u>**

(૧૨.૧) આ કામે ફરીયાદી નજુભાઈ દાનાભાઈ લાલુ પોતાની આંક – ૨૬ની સોંગદ ઉપરની સરતપાસ ધ્યાને લેતાં,જે તે દિવસે તેઓ વિસાવદર પોલીસ સ્ટેશનના લોકઅપમાં હોય આ કામના આરોપી વિરાભાઈ ગઢવીએ સાહેદ દિલીપભાઈની હાજરીમાં તેઓને લોકઅપમાં થી બહાર કાઢી માર મારેલ.

તેમજ ફરીયાદપક્ષ દવારા તપાસવામાં આવેલ સાહેદ દિલીપભાઈ રાવતભાઈ માંજરીયાનાઓ પણ ઉપર જણાવ્યા મુજબ ફરીયાદપક્ષના કેસની હકિકતોને પૂર્ણ સમર્થન આપે છે અને જણાવેલ છે કે,તેમની હાજરીમાં નજુભાઈ દાનભાઈ લાલુને પોલીસે લોક–અપમાં થી બહાર કાઢી વિરાભાઈ ગઢવીએ તેને માર મારેલ.

આ બંને સાહેદોની બચાવપક્ષ દવારા લેવામાં આવેલ ઉલટતપાસમાં આરોપીને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

આમ, ફરીયાદીની આંક–૨૬ તથા સાહેદ દિલીપભાઈની આંક –૩૧ ની જુબાની જોતા રેકર્ડ ઉપર એ હકિકત સાબિત થાય છે કે, ફરીયાદપક્ષના કેસની હકિકત મુજબ ફરીયાદીને પોલીસ કસ્ટડી દરમિયાન લોકઅપની બહાર કાઢી પી. આઈ.સાહેબની ચેમ્બર પાસે

ટેબલ પર બેસાડી, ગાળો આપી થપ્પડો મારી તથા હાથ પગમાં ચામડા ના પટ્ટા વડે માર મારેલ છે.

(૧૨.૨) આ કામે અન્ય મહત્વના સાહેદ ડોકટર સાહેદ વિજયભાઈ બાવનભાઈ ગરચર નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની આંક–૩૪ ની સોંગદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે,''એ વાત ખરી છે કે દર્દીએ તેઓના રૂબરૂની હીસ્ટ્રીમા કોણે ઈજા કરેલ છે અને કેવી રીતે થયેલ છે તેવી હકીકત લખાવેલ નથી કે કોઈ આરોપીનુ નામ લખાવેલ નથી. એ વાત ખરી છે કે દર્દી ને થયેલ ઈજા સામાન્ય પ્રકારની છે. એ વાત ખરી છે કે દર્દી ને થયેલ ઈજાઓ પડી જવાથી થઈ શકે તેવા પ્રકારની છે.'' તેમજ સદર ડોકટર સાહેદ દવારા સદર કામે આંક–૧૬ થી રજુ થયેલ સારવાર નું સર્ટીફીકેટ ધ્યાનમાં લેતા, તેમા પણ એવું જણાવેલ છે કે, ફરીયાદી ને થયેલ ઈજા થયેલ હતી.અલબત ફરીયાદી એ પોતાની સરતપાસમાં પોતાને ચામડાના પટ્ટા વડે માર મારેલ અને ઈજા થયેલાનું જણાવેલ છે તેમજ આ કામના અન્ય સાહેદ દિલીપભાઈ માંજરીયાએ પણ સ્પષ્ટ જણાવે છે કે,''તેઓની નજુભાઈ દાનભાઈ લાલુને પોલીસે લોક–અપમાંથી બહાર કાઢી આરોપી વિરાભાઈ ગઢવીએ તેને માર મારેલ.

આમ, સદર કામે ફરીયાદી તથા નજરે જોનાર સાહેદ ફરીયાદ પક્ષના સમર્થનમાં જુબાની પૂરી પાડેલ છે તથા સદર સાહેદોની ઉલટ તપાસ તથા રેકર્ડ પરનો અન્ય પુરાવો જોતાં તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે જેથી સદર સાહેદોની જુબાની ન માનવાને કારણ હોય.

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

વધુમાં, આ કામે સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ ન હોવા માત્રથી ફરીયાદ પક્ષનો કેસ શંકાશીલ બનતો નથી કારણ કે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઈજા પામનાર સાહેદની જુબાની ન માનવાને કોઈ કારણ નથી.

**(૧૨.૩)** આરોપી તરફેની દલીલ માનવાલાયક જણાતી નથી. માત્ર સ્વતંત્ર સાહેદોને તપાસવાથી ફરીયાદપક્ષનો સમગ્ર કેસ ધોવાય જતો નથી. કાયદા અનુસાર રેકર્ડ ઉપરના તપાસેલા સાહેદોના પુરાવાની વિશ્વસનીયતા લક્ષે લેવાની રહે છે. હાલના કામે ફરીયાદી અને તપાસેલ સાહેદ બનાવ વખતેના સ્થળ ઉપરના હાજર સાહેદો છે. ઈજાપારનારે ઈજાઓ કરનારના તેઓએ નામ આપેલા છે તેમને પટા વડે માર મારેલ છે તે પુરાવા દરમિયાન જણાવેલ છે. તેઓએ શું ઈજા કરેલી તે જણાવેલ છે. જે પુરાવાને મેડીકલ પુરાવાથી સમર્થન મળી રહે છે. તમામનો પુરાવો એક બીજાને સમર્થન કરતો પુરાવો છે, વિશ્વસનિય પુરાવો છે. જેથી માત્ર ફરીયાદી અને સાહેદ સબંધીઓ છે તેમનો પુરાવો ન માની શકાય.તેવી આરોપી તરફેની દલીલ માનવાપાત્ર જણાતી નથી.

*1999(1) GLR Page.No 717* *PATEL RASIKBHAI BHAGWANDAS vs. STATE OF GUJARAT* મા, નામદાર ગુજરાત હાઈકોર્ટની નામદાર ડીવીઝન બેન્ચ ના ચુકાદામા ઠરાવેલ નીચે મુજબની હકિકતો લક્ષે લેવી જરુરી છે–

(બી.એચ.ભટ્ટ)
જયુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**<u>Appreciation of evidence</u>** - Injured witness - Factors to be kept in mind while appreciating evidence of injured witness stated.

In a case of criminal trial particularly, like one on hand, the Court appreciates the evidence keeping in mind Sec. 374 of the Evidence Act, following aspects which have been, particularly, expounded and settled must be kept before the mental-radar :-

(i) Injured witness person cannot be doubted at the venue of offence. Therefore, persons who have sustained injuries, obviously, would be present.

(ii) Injured persons have no reason to falsely implicate the accused persons in place of real offenders who gave serious blows to them.

(iii) Again, it may, also, be remembered that the evidence of such injured witness carries more weight and high degree of creditworthiness.

(iv) It must also be mentioned what was the instantaneous reaction of such witness would depend upon circumstances and improbables. Therefore, in the place of such witness some minor defective or tiny contradiction cannot be regarded as a Titanic to sink the whole ship of culpability. Such micro level inconsistency like slight change in description of weapon, on the spot factual circumstances,

and the manner, time or some insignificant unimport, exaggeration or even embellishment ought to be discarded, and they should not be considered defective evidence of such persons.

(v) It must, also, be kept in mind while evaluating and scanning the evidence of such witness with the criticism of the Court and the evidence kept in focus which attracts the guilt of the accused and not the minor inconsistencies or discrepancies which might have happened, which might have generated out of the power of observation, emergent situation, lapse or loss of memory which may happen on account of stereotype, monotonous or at times, faulty investigation.

(vi) It must also be recalled that even in case of a truthful witness by one or other reason there is at times contingency to make improvement or embellishment with a view to pick up correct and true version in his testimony. It, therefore, becomes necessary to see that the exaggerated or untrue aspects are discarded but not the reliable testimony of the injured witness. (Para 14)

(૧૩) આ કામે ફરીયાદપક્ષે તરેર્ફે રજુ થયેલ સમગ્ર પુરાવાઓ ધ્યાને લેતા આ કામના આરોપીએ ફરીયાદી નજુભાઈ દાનાભાઈ લાલુને પોલીસ કસ્ટડી દરમિયાન લોકઅપની બહાર કાઢી પી. આઈ.સાહેબની ચેમ્બર પાસે ટેબલ પર બેસાડી,ગાળો આપી થપ્પડો મારી તથા હાથ પગમાં ચામડા

ના પટ્ટા વડે માર મારેલ હોય તે ઈજા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૦ મુજબ વ્યથા હોય આ કામના આરોપીને ઈ.પી.કોડની કલમ ૩૨૩ હેઠળ તકસીરવાન ઠરાવવો આ અદાલતને ન્યાયોચિત જણાય છે.

**(૧૪)** આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર ફરીયાદપક્ષની દલીલ સ્વીકારવાપાત્ર જણાય છે. આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોના આધારે મુદ્દા નં.૧ નો નિર્ણય હકારાત્મક આપવામાં આવે છે તથા મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***–:: હુકમ ::–***

(૧) આ કામના આ કામના આરોપી પો.કો.વિરાભાઈ ગઢવી, રહે. વિસાવદર,જી.જુનાગઢનાઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩** મુજબ હેઠળ ના ગુન્હાના તહોમતમાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ **૧૯** મી, માહે – **મે** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૯/૦૫/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ–જી જે ૦૧૫૨૨)

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

**<u>ફોજદારી કેસ નંબર–૫૧૧/૨૦૨૧ ના કામે આરોપીના વિ.વ.શ્રી ને સજા અંગે સાંભળ્યા.</u>**

**(૧૫)** આરોપીના વિ.વ.શ્રી જણાવે છે કે, આ કામે સજા ફરમાવેલ ઈસમનો આ પ્રથમ ગુન્હો છે.આરોપી પર તેમના કુંટુબની જવાબદારી છે. વધુમા જો તેમને સજા ભોગવવા માટે જેલમા જવુ પડે તો તેમને અને તેમના પરીવારને ઘણી તકલીફોનો સામનો કરવો પડે તેમ છે. તેમજ આરોપી પોલીસ કર્મચારી હોય જેથી તેમને જો સજા કરવામાં આવશે તો તેના ભવિષ્ય ઉપર ખરાબ અસર પડશે તેમજ સમાજમાં તેઓનું નામ ખરાબ થશે. મજકુર આરોપીને પોતાના થયેલ કૃત્ય બાબતે શરમીંદગી મહેસુસ થાય છે. વધુમા જણાવે છે કે તેઓને સુધારવા માટેની એક તક નામ.કોર્ટે આપવી જોઈએ.જેથી મજકુર આરોપીએ તેમને સદર કામે પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૪ અને ૫ મુજબનો લાભ આપવા વિનંતી કરેલ છે અને નામ.કોર્ટ જે ફરમાવે તે શરતોનુ પાલન કરવાનુ જણાવે છે.

**(૧૬)** વિ.એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, મજકુર આરોપી સામે ગુન્હો નિ:શંકપણે પુરવાર થયેલ છે અને સમાજમા આવા પ્રકારના ગુનાઓ દીન પ્રતીદીન વધતા જાય છે જેથી સમાજમા દાખલો બેસાડવા મજકુર આરોપીને મહતમ સજા કરવા નામ. કોર્ટને અરજ કરેલ છે. વધુમાં જો સદર આરોપીને પ્રોબેશન નો લાભ આપી છોડી દેવામાં આવશે તો સમાજમાં તેનો ખોટો દાખલો બેસશે જેથી આરોપીને પ્રોબેશનનો લાભ ન આપવા માટે રજુઆત કરેલ છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૧૭) બંને પક્ષનો રજુઆત ધ્યાને લીધી, પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ ની કલમ–૪ અને ૫ વંચાણે લીધી. સદર કામના આરોપી વિરુધ્ધ મુજબનો પ્રથમ ગુનો છે તે હકિકત છે.

આ કામે કેસનો આખરી ન્યાયિક નિર્ણય કરતા પહેલા આરોપીને થઈ શકનારી સજા અંગે પીનોલોજીના સિધ્ધાંતો સાથે હાલના કેસને મુલવવામા આવે તો આ કામના ફરીયાદી ને પોલીસ કસ્ટડી દરમિયાન લોકઅપની બહાર કાઢી પી.આઈ.સાહેબની ચેમ્બર પાસે ટેબલ પર બેસાડી, ગાળો આપી થપ્પડો મારી તથા હાથ પગમાં ચામડાના પટ્ટા વડે માર મારી આરોપીએ ગુનો કરેલ છે. આ કામે આરોપીની સામાજીક સ્થિતિ, નોકરીની સ્થીતિ ધ્યાને લેતા પોતે પોલીસ કર્મચારી હોય અને પોતાની ફરજને છાજે તેવું વર્તન કરવાની અને સમાજમાં કાયદો વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસ એજન્સીની હોય આરોપીએ કોર્ટના ડરને નેવે મુકીને કાયદો હાથમાં લીધેલ હોવાનું આ અદાલતનુ માનવુ છે. વધુમાં, સને ૨૦૨૩ ની સાલમાં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો દવારા ગુજરાત રાજયમાં સને ૨૦૨૦ થી ૨૦૨૨ ના સમયગાળા દરમિયાન પોલીસ કસ્ટડીમાં ઈન્ટ્રોગેશનના નામે અગમ્ય કારણોસર પોલીસ દવારા કરવામાં આવેલ યાતનાઓને કારણે કુલ ૯૪ વ્યકિતઓના મૃત્યુ થયેલ છે અને આવા પ્રકારના પોલીસ યાતનાઓના બનાવો હાલના સમયમાં દિન પ્રતિદિન વધતા હોય અને જેમના શીરે સમાજમાં સુરક્ષા જાળવવાની જવાબદારી છે તે લોકો જ પોતાના ખોટા ફાયદા તથા નિહિત હિત માટે કાયદો હાથમાં લેતા હોય તેવી પરીસ્થીતિ વધતી જતી હોય સદર કામના આરોપીને પ્રોબેશનનો લાભ નહિ આપવાનું ઠરાવવામાં આવે છે.

(બી.એચ.ભટ્ટ)
જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર

(૧૮) આથી ઉપરોકત ઉંડાણપૂર્વકની ચર્ચા અને રેકર્ડ પર રજુ થયેલ પુરાવાના મુલ્યાકન બાદ મુદ્દા નં. ૧ નો જવાબ ''હકારમાં'' આપી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧) આ કામના આ કામના આરોપી પો.કો.વિરાભાઈ ગઢવી, રહે. વિસાવદર,જી.જુનાગઢ નાઓને **ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩** મુજબ હેઠળના તહોમતમાં તકસીરવાન ઠરાવી એક(૧) વર્ષની સખત કેદની સજા આરોપી ને રૂા.૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર પૂરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૨ (બે) માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને હુકમની નકલ ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ-૩૬૩ મુજબ વિના મુલ્યે નકલ પુરી પાડવી.

(૩) આરોપીના જામીન ખત આથી રદ કરવામાં આવે છે.

(૪) હુકમની એક નકલ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢનાઓને મોકલવી.

હુકમ આજ રોજ તારીખ **૧૯** મી માહે **મે** સને-**૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખ:-૧૯/૦૫/૨૦૨૬
વિસાવદર

**(ભાવિક હિતેનભાઈ ભટ્ટ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર.
(જજ કોડ-જી જે ૦૧૫૨૨)

**(બી.એચ.ભટ્ટ)**
**જ્યુડી. મેજી. ફ.ક.કોર્ટ,વિસાવદર**